## વડીલોને વંદન અભિનંદન



શાંતાબેન ડી. પરમાર
(૧૯૪૭) ફોન : ૨૩૨૨૮૧૨૦



કનૈયાલાલ શીવલાલ શાહ
(૧૯૪૬) મો. ૯૯૨૫૦૧૨૪૮૬

# રાજ્યમાં ઘડાયેલા કાયદાઓના બાકી રહેલ નિયમો ઘડવાની કાર્યવાહી પૂર્ણ કરવા તાકીદ

ગાંધીનગર, તા. ૨

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન ઘડવામાં આવેલા કાયદાઓ હેઠળ હજુ પણ નિયમો ઘડવામાં આવેલા ન હોઈ આ કાયદાઓના અમલીકરણની પ્રક્રિયા વિલંબમાં પડવા પામી છે. જે અંગે રાજ્ય સરકારે નારાજગી વ્યક્ત કરીને વિભાગોને નિયમો ઘડવાની કામગીરી સત્વરે પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી છે.

રાજ્યમાં અમલમાં હોય અને ઘડવામાં આવેલા કાયદાઓ હેઠળ નિયમો ઘડવાના બાકી હોય તેવી બાબતો અંગેની તાજેતરમાં એક સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

આ સમીક્ષા દરમ્યાન એવું ધ્યાન પર આવ્યું હતું કે ગુજરાત વેરહાઉસીંગ એક્ટ-૨૦૦૬ અન્વયે નિયમો ઘડવાની કામગીરી બાકી છે. આ ઉપરાંત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના ગુજરાત નર્સીંગ હોમ્સ રજીસ્ટ્રેશન એક્ટ-૧૯૪૯ અને નવા કાયદામાં ગુજરાત એનીટોમી એક્ટ-૨૦૧૧ ગુજરાત ઈમરજન્સી મેડીકલ સર્વિસીસ-૨૦૦૭ અન્વયે ઘડવાના થતાં નિયમો સત્વરે ઘડીને કાર્યવાહી પૂર્ણ કરવા વિભાગોને તાકીદ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ સામાન્ય વહીવટ વિભાગ હસ્તકના ગુજરાત (જાહેર સેવા) અંગેના નાગરિકોનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ અન્વયે નિયમો ઘડવાના બાકી છે. આ અંગે સમીક્ષા બેઠકમાં વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

આ ઉપરાંત વિભાગો દ્વારા સર્વીસ અને ગુડ્ઝ સેવા પુરી પાડવામાં આવે છે. એ અંગેની વિગતો મોકલી આપવા પણ વિભાગોને સૂચના આપવામાં આવી હતી. કારણ કે આ કામગીરી ચાર માસમાં પૂર્ણ કરવાની છે. વિભાગો દ્વારા સર્વીસ એન્ડ ગુડ્ઝ અંગેની વિગતો સુનિશ્ચિત કરીને સંબંધિત વિભાગના મંત્રીની અનુમતી મેળવીને વિગતો મોકલી આપવા પણ સુચવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ જે વિભાગો દ્વારા જે કાયદાઓ હેઠળ નિયમો ઘડવાના બાકી છે તે અંગે સત્વરે નિયમો ઘડીને સંસદીય બાબતોના વિભાગની મંજુરી મેળવીને આ કાર્યવાહી તાકીદે પુરી કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત વિધાનસભાનું ટુંકુ સત્ર આગામી માસમાં મળનારૂ હોઈ જે વિભાગોએ નવા સરકારી વિધેયકો લાવવાના થતાં હોઈ તો તે અંગેના મુસદ્દા તૈયાર કરીને રાજ્યમંત્રી મંડળની મંજુરી મેળવી લેવા પણ સૂચનાઓ આપવામાં આવી છે.



ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે શ્રાવણ માસના અંતિમ સોમવારે દ્વાદશ જ્યોતિર્લિંગના પ્રથમ ભગવાન સોમનાથ મહાદેવના ભક્તિ ભાવપૂર્વક પૂજન - અર્ચન તથા જલાભિષેક કર્યા હતા.

# કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનું પુનઃ ગઠન કરાશે

## નાણા વિભાગના અગ્રસચિવના અધ્યક્ષ પદે સમિતિની રચના : સમિતિ તેનો અહેવાલ કેન્દ્ર સરકારને સુપરત કરશે

ગાંધીનગર, તા. ૨

કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ પૈકીની કેટલીક યોજનાઓનું ડુપ્લીકેશન થતું હોઈ આવી યોજનાઓને એક બીજામાં મર્જ કરીને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનું પુનઃ ગઠન કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આયોજન પંચના સભ્ય બી.કે. ચર્તુવેદીના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યો માટે અમલમાં મુકવામાં આવેલી કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનો અભ્યાસ કરીને કેટલીક યોજનાઓનું પુનઃ ગઠન કરવા અંગેની ભલામણો સાથેનો એક અહેવાલ સરકારને સુપરત કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ દિલ્હી ખાતે ગત વર્ષે ૫૭મી નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સીલની એક બેઠક મળી હતી. જેમાં દેશના ઘણા બધા રાજ્યોના મુખ્યમંત્રીઓ દ્વારા આ સમિતિની ભલામણોનો અમલ કરવા જે સૂચનો કરવામાં આવ્યા હતા તેનો સ્વીકાર કર્યો હતો. જેના પગલે રાજ્ય સરકારો દ્વારા અભિપ્રાયો અને સૂચનો મોકલી આપવામાં આવ્યા હતા.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્ર પુરસ્કૃત યોજનાના પુનઃ ગઠન સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા ૧૪૨ જેટલી કેન્દ્ર પુરસ્કૃત યોજનાને ૬૬ સુધી ઘટાડવામાં આવેલ હોવાનું સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગના અગ્રસચિવે તાજેતરમાં મળેલી એક બેઠકમાં જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્ર પુરસ્કૃત યોજનાને વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન સમાન યોજનાને મર્જ કરીને એક સીંગલ યોજના બનાવવામાં આવે અને યોગ્ય માર્ગદર્શિકા નક્કી કરવામાં આવે તેવા સૂચનના સંદર્ભે સંબંધિત તમામ વિભાગોના સચિવોને યોજનાની સમીક્ષા કરીને જો તેમાં કોઈ સુધારો કરવો આવશ્યક જણાતો હોય તો તે અંગે સૂચનો મોકલી આપવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઉપરાંત કેન્દ્ર પુરસ્કૃત યોજનાના પુનઃ ગઠન અંગે ગુજરાતના અગ્રચિવ નાણાં વિભાગના અધ્યક્ષપદે એક સમિતિ રચીને આ અંગેનો અહેવાલ તૈયાર કરવા પણ સૂચના આપવામાં આવી છે. આ બેઠકમાં શિક્ષણ વિભાગ, કૃષિ સહકાર વિભાગ, આરોગ્ય વિભાગ અને પરિવાર કલ્યાણ વિભાગ પ્રાથમિક શિક્ષણ અને મહિલા અને બાળ વિકાસ વિભાગના અગ્ર સચિવનો પણ સમાવેશ કરવામાં આવશે. આ સમિતિએ તેનો અહેવાલ તૈયાર કરીને કેન્દ્ર સરકારને મોકલી આપવાનો રહેશે.





# પાલનપુરના પવિત્ર યાત્રાધામ બાલારામમાં ભાવિકો ઉમટયા

શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે યાત્રાધામ બાલારામ ખાતે ભવ્ય શિવ દર્શન મેળો યોજાયો હતો. જેમાં ભકતોનું ઘોડાપુર જોવા મળ્યું હતું. ભકતોએ ભગવાન ભોળાનાથના દર્શન અને પૂજા અર્ચના બાદ નદીના ઘાટ પર સ્નાન કરી ન્હાવાની મજા માણી હતી. ભકતોની ભીડ વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં મેળો યોજાયો હતો. જેમાં અનેક નાના-મોટા વેપારીઓ દ્વારા વિવિધ ચીજ વસ્તુઓના સ્ટોલો લગાવવામાં આવ્યા હતા અને લોકોએ તેમાંથી ખરીદી કરી હતી. જયારે ભકતોએ ભગવાનના શિવલીંગ પર દૂધ અને પાણીનો અભિષેક તથા બિલીપત્ર ચઢાવી પ્રસાદ અને દર્શનનો લ્હાવો લીધો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ૪.૨૦ લાખના પેન્ટપીસની ચોરી : પોલીસની ઉંડી તપાસ

## દુકાનમાં જ કામ કરતા બે શખ્સોએ ચોરી કર્યાનો ખુલાસો

મહેસાણા, તા.૦૨

મહેસાણાના ક્રિસ્ટલ માર્કેટમાં આવેલ એક પેન્ટપીસની દુકાનમાંથી કુલ રૂા. ૪.૨૦ લાખના પેન્ટપીસની ચોરી થયા હોવાનો મામલો સપાટી પર આવ્યો છે. દુકાનમાં કામ કરતા જ બે શખ્સોએ આ પેન્ટપીસની ચોરી કરી હોવાનો ખુલાસો દુકાનના માલિકે કર્યો છે. પોલીસના સુત્રોના જણાવ્યા અનુસાર, મહેસાણામાં આવેલ ક્રિસ્ટલ માર્કેટમાં ઈન ફેશન નામની દુકાનમાં પેન્ટપીસનું વેચાણ થાય છે. આ દુકાનના માલિક વિનોદકુમાર પ્રહલાદભાઈ પટેલે મહેસાણા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેમની દુકાનમાં કામ કરતા હર્ષદકુમાર અરવિંદ પુજારા તેમજ ઠાકોર રાજુકુમાર દિવસેજીએ તા. ૨૪-૧૦-૧૨ થી તા. ૧૦-૮-૧૩ દરમિયાન ૫૦૭ નંગ પેન્ટપીસની ચોરી કરી છે. જેની કિંમત રૂા. ૪,૨૦,૦૦૦ હોવાનું જાણવા મળેલ છે. પોતાની દુકાનમાંથી પેન્ટપીસની ચોરી થયાની શંકા વિનોદભાઈને તેમના દુકાનમાં કામ કરતા બે શખ્સો પર ગઈ હતી. તેના અંતર્ગત તેમણે બંને શખ્સો હર્ષદકુમાર અને રાજુકુમારના ઘરે તપાસ કરી હતી. પરંતુ બંને આરોપી તેમના ઘરેથી કેટલાય સમયથી ફરાર હોવાનું જાણવા મળતા વિનોદભાઈએ આજરોજ મહેસાણા પોલીસમાં બંને શખ્સો વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી. હાલમાં પોલીસ અધિકારીએ ગુનો નોંધ ફરાર આરોપીને ઝડપી પાડવાની તપાસ હાથ ધરી છે.

# જીટીયુની કુલ ૪૦ કોલેજને નોટીસ પણ કોઈને દંડ નહીં

અમદાવાદ, તા.૦૨

વિદ્યાર્થીઓને ઓરિજનલ પ્રમાણપત્ર અને ફી પરત આપવામાં આનાકાની કરતી રાજ્યની ૪૦ કોલેજોને એસીપીસીએ નોટીસ ફટકારી હતી. અને ૨૭ ઓગસ્ટે કોલેજોના સંચાલકોને રૂબરૂ બોલાવીને સુનાવણી હાથ ધરાઈ હતી. સુનાવણી બાદ કોલેજોને પહેલી સપ્ટેમ્બર સુધી વિદ્યાર્થીઓની સમસ્યા દુર કરવા માટેની મુદત અપાઈ હતી. જો કે આજે બીજી સપ્ટેમ્બર પણ વિતવા સુધી એક પણ કોલેજ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં ન આવતા અનેક તર્ક-વિતર્ક શરૂ થયાછે.

રાજ્યમાં ચાલુ વર્ષે મોટા પાયે ડિગ્રી એન્જિનીયરીંગમાં બેઠકો ખાલી રહી છે જેના કારણે પ્રવેશ સમિતી દ્વારા રિસફલીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં અગાઉ પ્રવેશ મેળવી ચુકેલા અનેક વિદ્યાર્થીઓએ પોતાના વતનની નજીકની કોલેજોમાં પ્રવેશ બદલવા માટે અરજી કરી હતી પરંતુ કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી જવાના ડરે કેટલીક ખાનગી કોલેજો વિદ્યાર્થીઓને ઓરિજનલ પ્રમાણપત્ર અને ફી પરત આપવામાં આનાકાની કરતી હોવાની વાત સપાટી ઉપર આવી હતી જેના આધારે એસીપીસીને વિવિધ કોલેજો વિરૂદ્ધ૫૦૦થી વધુ અરજીઓ મળી હતી. જેના આધારે એસીપીસીએ ૪૦ કોલેજોને રૂબરૂ બોલાવીને સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં કોલેજોને પહેલી સપ્ટેમ્બર સુધીની મોહલત આપવામાં આવી હતી. પરંતુ આ મહોલત વિત્યે આજે એક દિવસ થઈ ગયો છે તેમ છતાં એકપણ કોલેજને દંડ કરવામાં ન આવતા શિક્ષણ જગતમાં અનેક તર્ક-વિર્તક શરૂ થઈ ગયા છે.

# જૈન દેરાસરથી કુલ ૧૬.૭૪ લાખના દાગીનાની ચોરી થઈ

## જૈન દેરાસર ખાતે અજાણ્યા શખ્સો ઘૂસીને આભૂષણોની ઉઠાંતરી કરતા શ્રદ્ધાળુઓમાં રોષ : પોલીસની ચકાસણી

અંકલેશ્વર, તા.૦૨

તસ્કરો દ્વારા ઘરમાં, દુકાનમાં જેવા સ્થળો પર વધુ લૂંટ ચલાવતા હોવાના બનાવો પ્રકાશમાં આવતા હોય છે પરંતુ તસ્કરો હવે ધાર્મિક સ્થળોને પણ કેન્દ્ર સ્થાન બનાવી લૂંટ ચલાવતા લોકોમાં રોષની લાગણી ઉભી થાય છે ત્યારે ગતરાત્રીના અંકલેશ્વરના પંચાતી બજારમાં આવેલ જૈન દેરાસરમાં અજાણ્યા શખ્સો ઘુસીને અંદાજે ૧૬.૭૪ લાખના સોના-ચાંદીના આભૂષણોની ઉઠાતરી કરતા સમગ્ર પંથકમાં રોષની લાગણી ઉભી થઈ છે.

પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગતરાત્રીના અંકલેશ્વરના પંચાતી વિસ્તારમાં આવેલ જૈન દેરાસરમાં અજાણ્યા શખ્સોએ ઘુસીને સોના-ચાંદીના દાગીનાની લૂંટ ચલાવીને ફરાર થઈ ગયા હતા. વહેલી સવારે દેરાસરના ટ્રસ્ટી દિલીપકુમાર શાંતિલાલ ચોકરીએ આ બનાવ અંગેની જાણ પોલીસને કરી હતી જ્યાં તપાસમાં જાણવા મળ્યું હતું કે અજાણ્યા ઈસમો દેરાસરમાંથી ચાંદીનું પારણુ આઠ કિલો, ચાંદીનું મુગટ નંગ-૫, ચાંદીના તોરણ, કળશ, ડંડી, આંગી તેમજ સોનાનો મુગટ, સોનાની ચેઈન, ચાંદીના સિક્કા સહિત કુલ ૪૪ કિલોને ૭૦૦ ગ્રામ સોના-ચાંદીના આભૂષણોની લૂંટ કરી હતી. આ તમામ આભૂષણોની કિંમત રૂા. ૧૬,૭૪,૫૦૦ જાણવા મળી છે. અંકલેશ્વર પોલીસે ચોરીનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## શબ્દાવલી - ૫૧૬૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ■ | ૨ | ૩ | | ૪ |
| | ■ | ■ | ૫ | | | ■ | |
| ૬ | ૭ | ૮ | ■ | ૯ | | | |
| ૧૦ | | | ૧૧ | | ■ | ■ | |
| ■ | ■ | ૧૨ | | ■ | ૧૩ | | |
| ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | | ■ | ■ |
| ૧૭ | | ■ | ૧૮ | | | ■ | ૧૯ |
| ૨૦ | | | ■ | ૨૧ | | | |

### આડી ચાવી

૧. પૃથ્વી, ધરણી (૩)
૨. મનભેદ, અંટશ (૪)
૫. વસવસો, અભાવની પીડા (૩)
૬. ઘણાને... આવે તરત વપરાઈ જાય પછી ખીસ્સા ખાલી (૩)
૯. શમા પર... ફીદા થઈ જાય (૪)
૧૦. તરફડવું તે (૫)
૧૨. મારો નહિ..., સ્ટાર (૨)
૧૩. બધી જગ્યાએ, સઘળે (૩)
૧૪. નિયમ શરતો વગેરે નક્કી કરવા, ... કરવા (૩)
૧૬. બીમાર માણસને... પીવડાવાય (૨)
૧૭. અવાજ, શૉર (૨)
૧૮. પહોર, સમય (૩)
૨૦. ગુંચવાડા ભરી (૩)
૨૧. ચોર (૪)

### ઊભી ચાવી

૧. ધીરજ, શાંતિ (૪)
૨. ઘણા ખટપટીયા આખો દિવસ... જ કર્યા કરે (૪)
૩. ટોકવું, ... કરવી (૩)
૪. ગણતરીને યોગ્ય (૫)
૭. કાચા મકાનોને લીંપવા... કરવી પડે (૨)
૮. ગતિ (૪)
૧૧. બીવડાવવું, ... આપવો (૨)
૧૩. મીઠું, લવણ (૪)
૧૪. દેવું, ઋણ (૩)
૧૫. છાવણી, નાનો તંબુ (૩)
૧૬. નિરાંત, શાંતિ (૩)
૧૯. વાળ, કેશ (૨)

### શબ્દાવલી ૫૧૬૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગોલમાલ (૪) શકટ (૬) નવશેકુ (૮) ખનીઝ (૯) ઝટ (૧૧) કાચ (૧૨) પાપ (૧૩) માયાવી (૧૪) તાળુ (૧૬) લપીયું (૧૮) કૃશ (૧૯) પરિપાક (૨૦) રૂપિયા

**ઊભી ચાવી :-** (૧) ગોફણ (૨) માનવ (૩) લવ (૪) શકુની (૫) ટપોટપ (૭) શેખચલ્લી (૯) ઝપાઝપી (૧૦) માયાળુ (૧૩) માતા (૧૫) ફરાક (૧૬) લવારૂ (૧૭) યુરીયા (૧૮) કૃપા

# ફર્નાન્ડિસ બ્રિજ નીચે ૩ સ્ટેશનરીના તાળા તુટ્યા

ગતરાત્રીના શહેરના અતિ ગીચ વસ્તીવાળા એવા વિસ્તારમાં આવેલ પુસ્તક બજારના ફર્નાન્ડિસ બ્રિજ નીચેથી ૩ સ્ટેશનરીના તાળા તુટતા ચક્ચાર મચી જવા પામી છે. ત્રણ સ્ટેશનરીની દુકાન પૈકી બે દુકાનમાંથી કુલ ૫૫,૦૦૦ના રોકડ રૂપિયાની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું છે. ખાડિયા પોલીસના અધિકારીએ આપેલ વિગત અનુસાર, ગતરાત્રીના ફર્નાન્ડિસ બ્રિજ નીચે આવેલ ન્યુ રામવિજય ચોપડા ભંડાર, લલ્લુભાઈ વ્રજલાલ ગાંધી, તથા એમ.એન. બ્રધર્સ નામની સ્ટેશનરીની દુકાનમાં તાળા તુટ્યા છે. ન્યુ રામવિજય ચોપડા ભંડારની દુકાનની આગાસી ઉપરથી નીચે ઉતરવાની બારી તોડી અજાણ્યા ઈસમો દુકાનમાં ઘુસ્યા હતા. જ્યાં દુકાનમાંથી ૩૦ હજારના રોકડ રૂપિયાની લૂંટ ચલાવી હતી તેમજ એમ.એન. બ્રધર્સ નામની સ્ટેશનરીની દુકાનમાંથી અજાણ્યા ઈસમોએ રૂા. ૨૫ હજારની લૂંટ ચલાવી હતી અન્ય એક દુકાન લલ્લુભાઈ વ્રજલાલ ગાંધીની દુકાનના પણ તાળા તુટ્યા હતા. ન્યુ રામવિજય ચોપડા ભંડાર-એમ. એન. બ્રધર્સની દુકાનમાંથી ૫૫,૦૦૦ની ચોરીનો ખાડિયા પોલીસમાં નરેશભાઈ કનુભાઈ શાહે નોંધાવ્યો હતો.

# રાજ્યમાં ડુંગળીના ઉંચા ભાવ માટે રાજ્ય સરકાર જવાબદાર

અમદાવાદ, તા.૦૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યુ છે કે ગુજરાતમાં ડુંગળીના ઉંચા ભાવ માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે જવાબદાર છે. નાફેડની દરખાસ્ત અંગે રાજ્ય સરકારે બેદરકારી દાખવી હતી જેથી લોકોને ડુંગળી માટે વધારે નાણાં ચૂકવવા પડી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે ઓક્ટોબર-ડીસેમ્બર ૨૦૧૩માં ડુંગળીની ખરીદી માટે ભારતીય રાષ્ટ્રીય કૃષિ સહકારી વિપણન સંઘ મર્યાવિત (નાફેડ)ના મેનેજીગ ડિરેક્ટર સંજીવ ચોપરા દ્વારા તેમના તા. ૨૧-૬-૨૦૧૩ના પત્રથી ગુજરાત રાજ્યના સહકારી માર્કેટીંગ ફેડરેશનના ચીફ એક્ઝીક્યુટીવને ભવિષ્યમાં ડુંગળીના ભાવો વધવાની શક્યતાઓ હોવાથી ડુંગળી ખરીદવા માટે ધ્યાન દોરેલ હતું. આ પ્રકારે દેશના તમામ સંઘનું પણ ધ્યાન દોરવામાં આવેલ હતું. નાફેડ ભારત સરકારને કૃષિ મંત્રાલયની નોડેલ એજન્સી તરીકે કામ કરે છે અને ડુંગળી સહિત વિવિધ બાગાયત ચીજ વસ્તુઓ અંગે લઘુત્તમ ટેકાના ભાવનું છેલ્લા ૩૦ વર્ષથી અમલીકરણ કરે છે એન ડુંગળીની નિકાસ માટેના ભાવો નક્કી કરવાની મંત્રીઓની કમીટીના સભ્ય પણ છે અને ડુંગળીના ખરીદી અને સંગ્રહ માટેનો સમૃદ્ધ અનુભવ ધરાવે છે અને તેથી મંદઋતુમાં ગુજરાત સરકાર દ્વારા ડુંગળીની ખરીદી કરવામાં આવે તે માટે નાફેડે પોતાની સેવાઓ આપવા સંમતિ દર્શાવી હતી. ગુજરાત સરકારની જરૂરીયાત અનુસાર ડુંગળી ખરીદવાની રહેશે જણાવી ડુંગળીનો આ સંગ્રહ તેમના નાસિક ખાતેના કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરવામાં આવશે અને રાજ્ય નક્કી કરે ત્યાં અગાઉથી જમા કરાવવાની રહેશે.

## પર્યુષણ પર્વ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈલાજ જ છે. એ વાત જેને મશ્કરી રૂપ લાગતી હોય! હું એ કાંઈક છું. આવી વૃત્તિ જેના મનમાં ઘર કરી ગઈ હોય, આવો માણસ સામે ચાલીને પોતાની અપરાધોની ક્ષમા માગે એવી કોઈ શકયતા નથી. અને પોતાને થયેલ નુકશાનને ગૌણ માનવા જેટલી ઉદાત્ત વૃત્તિ જેનામાં ના હોય પ્રેમશૂન્ય જીવન એ તો લાશનું જીવન છે. એઓ જેને ખ્યાલ ન હોય હૃદયની ઉદારતા જ જીવનને રસ સભર બનાવી રાખે છે. સામી વ્યક્તિએ કરેલી ભૂલ પાછળ શક્ય છે કે કુસંસ્કારોનું જોર હોય અથવા તો પરિસ્થિતિની પરવસ્તા હોય, આવું સમાધાન કરવાની જેનામાં આગવી કળા ન હોય એ વ્યક્તિ સામાને ક્ષમા આપી શકે એ વાતમાં કોઈ માલ નથી. ક્ષમા એ તો પ્રાણ છે. પર્યુષણનો જો આ દિવસોમાં એ ન બનીએ સામર્થવાન ન અપનાવીએ નમ્રતા અને ન કેળવીએ ઉદારતા તો બીજી બધી ગમે તેટલી પણ કરાતી ધર્મ સાધનાઓનું કોઈ મૂલ્ય નથી એમ જ્ઞાની ભગવતો કહે છે. અલબત્ત આ દિવસોમાં ક્ષમા રાખવામાં આપણને કદાચ વાંધો આવે તેમ નથી. પણ જે મુશ્કેલી પડે છે એ ક્ષમા માંગવામાં અને ક્ષમા આપવામાં પણ જો આપણા જ પોતાના અનંતકાળના સંસાર પરિભ્રમણને નજર સામે રાખીએ તો આ બંને માંથી એકપણ બાબતનો અમલ આપણા માટે કઠીન નથી.

**પ.પૂ. પન્યાસશ્રી પ્રશાંતકિર્તિસાગર મહારાજ સાહેબ તેમજ ભવ્ય કિર્તિસાગર મહારાજ સાહેબની અમૃતવાણી પર્યુષણ બીજો દિવસ**

## શાળાઓને તાળાબંધી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શરમજનક છે અને આપ ગાંધીનગરના ભવિષ્યના તારલાઓની કારકીર્દી સામે ચેડા કરી રહ્યા છો. ગાંધીનગરના આજુબાજુના આદિવાડા, ગોકુલપુરા, ફતેપુરા, ઈન્દ્રોડા, બોરીજ, પાલજ, બાસણ અને ધોળાકુવા ગામોમાં ૪૯ જેટલા શિક્ષકોની ઘટ છે. જે આપના જ એક અધિકારી બોરીજ ગામે અમને કહીને ગયા હતા. જો આ ભરતીઓ એક અઠવાડીયાની અંદર નહિ કરવામાં આવે તો ડી.ઈ.ઓ. કચેરીને તાળાબંધી કરવામાં આવશે અને આગામી દિવસોમાં જો આનું નિરાકરણ નહીં આવે તો આંદોલન ચાલુ રાખીશું. જેથી અમને આશા છે કે બાળકોના ભવિષ્યને ઉજજવળ બનાવવા માટે આપ તાત્કાલિક પગલાં લેવા માંગ કરી છે.

## સચિવને રજૂઆત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડિવીઝનલ કચેરીઓમાં સેકશન ઓફિસરની ૨૪ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. પરંતુ નિવૃત્તિ અને બદલીના અંતે હાલ માત્ર ૧૧ અધિકારીઓ જ ફરજ પર છે. જ્યારે આ પૈકી બે અધિકારીઓ પ્રોફેશનલ બ્રાન્ચમાં ફરજ નિભાવે છે. જેથી સે. ૧ થી ૩૦ના મહત્વના કામો માટે પર્યાપ્ત મેનપાવર ઉપલબ્ધ નથી માત્ર ૮ એસ.ઓ.ના આધારે સેક્ટરોમાં આમ નાગરિકો માટેની માળખાગત સુવિધાના કામો પણ સમયે હાથ ધરવાનુ મુશ્કેલ બન્યું છે. એકબાજુ એસ.ઓ.ની ૫૦ ટકા ઘટના લીધે વિવિધ ડિવીઝનના નાયબ કાર્યપાલક ઈજનેરો માટે પણ મોટો શિરદર્દ ઉભો થયો છે. પાટનગર યોજના ભવનમાં એસ.ઓ.ની ઘટને અનુલક્ષી કરાર આધારિત ભરતી કરવામાં આવી છે. પરંતુ બિનઅનુભવી અને ફ્રેસર્સની ભરતીના અંતે પણ સમસ્યા હલ થઈ શકે તેમ ન હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. ત્યારે કાયમી અધિકારીઓની યોગ્ય નિમણૂંક કરવા પણ વિભાગના સચિવને રજૂઆત કરવામાં આવી છે.

## કુપોષણને નાથવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાળકોને ઘરે જતાં એક પોષ્ટીક વાનગી આપવામાં આવશે.

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ બાલ શક્તિ કેન્દ્રનો લાભ લઈ મહાનગરપાલિકા વિસ્તારમાંથી કુપોષણને દૂર કરવા માટે હાંકલ કરી. આ ઉપરાંત તમામ માતાઓને પણ કુપોષણ બાબતે સભાન રહી તેમના બાળકોને આનાથી બચાવવા જણાવેલ. આ ઉપરાંત આ સંદર્ભે કઈ પણ સહાયની જરૂર હોય તો મહાનગરપાલિકા દ્વારા જરૂરી તમામ મદદ મળી રહેશે તેવી ખાતરી આપેલ.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આરોગ્ય વિભાગ, ગાંધીનગર મહાનગરપાલિકા તથા આઈસીડીસી વિભાગ, જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ. બારોટ અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર**

**ટેન્ડર નોટીસ નં. -૧૫ / ૨૦૧૩-૧૪**

ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ અર્બન સેલ, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર (આઈડી નં. ૧૨૩૪૯૯) અમદાવાદ જીલ્લાના ધંધુકા શહેરની ભૂગર્ભ ગટર યોજના માટેના ટેન્ડરો અંદાજીત કિંમત રૂ. ૩૧૧૩.૫૨ લાખ માટે ઓનલાઈન માંગવામાં આવેલ છે. તા. ૨૯/૮/૨૦૧૩ પછી ટેન્ડરો ડાઉનલોડ કરી શકાશે. પરંતુ ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ ૩૦/૯/૨૦૧૩, ૧૮-૦૦ કલાક સુધી છે. પ્રી-બીડ કોન્ફરન્સની તા. ૧૦/૯/૨૦૧૩, ૧૫-૦૦ કલાકે રાખેલ વધુ વિગતો નીચે મુજબની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

http://www.nprocure.com & http://gwssb.org માહિતી/૧૧૩૨/૧૩-૧૪